# શ્રી એચ.એ. શાહ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

## રેફરન્સ (આઈ.સી.) નં.૧/૨૦૨૩

**આંક–૨૨ લગત સાંધણ**

આ અરજી અરજદાર ટોરેન્ટ પાવર સુરત ઈલેકટ્રીસીટી કંપની એમ્પ્લોઈઝ યુનિયને સામાવાળા ટોરેન્ટ પાવર લી. પાસે દસ્તાવેજો રજુ કરાવવા માટે આપેલ છે. જેમાં તેમણે મુખ્યત્વે કોઈ સ્પષ્ટ લીસ્ટ બનાવી કયા દસ્તાવેજોની જરૂર છે તેમ લખેલ નથી. પરંતુ અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, કર્મચારીઓની સંખ્યા વિગેરેની તેમને જાણ છે. પરંતુ તેઓએ ઈનકોર્પોરેશન સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેના કારણમાં તેમણે કંપનીની બેલેન્સ શીટ સંયુકત તૈયાર થતી હોવાથી દરેક યુનીટના જુદા નફા નુકશાન હોય તો તે પ્રમાણે તેમની માંગણી તેઓ જસ્ટીફાઈ કરી શકે તેવું તેમની અરજીના પેરા–૨(એ) માં જણાવેલ છે. પેરા–૨(બી) માં તેમણે માહિતી છુપાવવામાં આવે છે તેમ જણાવી, કંપનીની સુરત સહિત અમદાવાદ, ભીવંડી, દહેજ, આગ્રા, સેલવાસ, દીવ દમણ, શીલમુમ્બ્રાની કામ કરતા કર્મચારીઓની નોકરીની શરતો, પગાર ધોરણો, સવલતો, મેન પાવર વિગેરે આ રેફરન્સ માટે જરૂરી અને તાલ્લુક ધરાવતી વિગતો છે. કારણ કે જયારે કંપની ફેરવેજીસની વાતો કરતી હોય ત્યારે તે ફેર વેજીસ માત્ર લખી દેવાનું પુરતું નથી. જેથી  કંપનીએ કરવાના જુદા જુદા પ્રકારના ખર્ચાઓની વિગતો એનાલીસીસ કરી માંગેલ છે તથા પેરા–૨(સી)થી તેમણે વૈકલ્પિક રીતે ઈન્સ્પેકશન માંગેલ છે તથા પેરા–૨(ડી) થી પણ તેમણે આ વિગતોની એટલા માટે માંગણી કરેલ છે કે તેઓ તેમનો કેસ પ્રસ્થાપિત કરી શકે. તેથી અરજીના પેરા–૩(એ) માં જો દસ્તાવેજો રજુ ના કરવા માંગતા હોય તો તે અંગે  ઈન્સ્પેકશનની માંગણી કરેલ છે.

આંક–૨૩ થી કંપની તરફે અરજદારની અરજીનો જવાબ આપેલ છે અને અરજીની હકીકતોનો ઈન્કાર કરી આ યુનીયને તા.૧૩/૧૨/૨૪ ના રોજથી અરજી આપેલ છે તેવા જ પ્રકારની દસ્તાવેજોની માંગણી કરતી અરજી અગાઉ તા.૨૩/૮/૨૪ ના રોજ કરેલ.

જે અરજી નોટપ્રેસ કરવામાં આવેલ અને હવે ફરીથી આ જ પ્રકારની અરજી આપેલ છે. કંપની તરફથી તેમના જરૂરી દસ્તાવેજો તેમણે રજુ કરેલ છે તથા રેફરન્સના ન્યાય નિર્ણય માટે જે મુદ્દો જરૂરી છે તે અંગેના દસ્તાવેજો તથા માહિતી અપ્રસ્તુત અને આ રેફરન્સ સાથે સંબંધિત ના હોઈ તેવા દસ્તાવેજો છે. તેથી જવાબમાં દર્શાવેલ વિવિધ ઓથોરીટીઓ પર આધાર રાખી આ અરજી રદ કરવાની રજુઆત કરેલ છે. જે ઓથોરીટીઓ જોવામાં આવે તો.....

(૧) **૧૯૬૦ (૧) એલ.એલ.જે. ૪૯૭ (નામ.સુ.કો.)**

**પ્રતાપ પ્રેસ વિ. તેના કામદારો**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યાં બે એકમો માલીકના છે ત્યાં વ્યવસ્થાપનની એકતાની શકયતા પણ હંમેશા રહે છે. આવા તમામ કેસમાં તેથી કોર્ટે ''કાર્યાત્મક અખંડિતતા'' કયાં સુધી છે તે અંગે ધ્યાનપૂર્વક વિચારવું પડશે. એટલે કે આ રીતે કાર્યાત્મક પરસ્પર નિર્ભરતા કે એક એકમ બીજા વિના અનુકૂળ અને તર્કસંગત રીતે અસ્તિત્વમાં ન હોઈ શકે અને આગળના પ્રશ્ન પર નાણાં અને રોજગારની બાબતોમાં એમ્પ્લોયર ખરેખર બે એકમોને અલગ અથવા એકીકૃત રાખ્યા છે.

(૨) **૧૯૭૪ (૧) એલ.એલ.જે. ૪૯૯ (નામ.સુ.કો.)**

**વર્કમેન ઓફ સ્ટ્રો બોર્ડ મેન્યુફેકચરીંગ કંપની લી. વિ. મેસર્સ સ્ટ્રો બોર્ડ મેન્યુફેકચરીંગ કંપની લી.**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ બંધ થવાને લગતા આ ચોકકસ કેસમાં સૌથી મહત્વનું પાસું, અમારા મતે શું એક એકમમાં એવો ઘટક સંબંધ છે કે, એકના બંધ થવાથી એકના બીજાને બંધ થવા તરફ દોરી જવી જોઈએ કે કેમ ? તે બીજા વિના વ્યાજબી રીતે અસ્તિત્વમાં ન હોઈ શકે. કાર્ય–રાષ્ટ્રીય અખંડિતતા બંધ થવાના કિસ્સામાં વધારાનું મહત્વ ધારણ કરશે. આ કિસ્સામાં આર. મીલ છેલ્લા ૫ વર્ષથી થોડા સમયથી એસ. મીલની ગેરહાજરીમાં કાર્યરત છે.

(૩) **૧૯૯૪ (૧) એલ.એલ.એન. ૯૫૭ (નામ.કેરાલા હા.)**

**સવાની ટ્રાન્સપોર્ટ પ્રા.લી. વિ. સવાની ટ્રાન્સપોર્ટ એમ્પ્લોઈઝ એસોસીએશન**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ આ તમામ કસોટીઓમાંથી સૌથી મહત્વપૂર્ણ ''કાર્યાત્મક અખંડિતતા''

અને નાણાં અને રોજગાર અને શ્રમની એકતાનો પ્રશ્ન હોવાનું કહેવાય છે. માલીકીની એકતા અસ્તિત્વમાં છે. જયાં બે એકમો માલીકના છે. ત્યાં વ્યવસ્થાપનની એકતાની શકયતા પણ હંમેશા રહે છે. આવા તમામ કેસોમાં, અદાલતે ''કાર્યાત્મક અખંડિતતા'' એટલે કે આટલી વિધેયાત્મક પરસ્પર નિર્ભરતા કે એક એકમ બીજા વિના સગવડતાપૂર્વક અને વ્યાજબી રીતે અસ્તિત્વમાં ન હોઈ શકે તે અંગે કાળજી સાથે વિચાર કરવો પડશે.

(૪) **૧૯૮૬ (૧) એલ.એલ.જે. ૧૯૭ (નામ. ગુ.હા.)**

**ગુજકેમ ડિસ્ટીલર્સ ઈન્ડિયા લી. વિ. રીજીયોનલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ અધિનિયમમાં ''એસ્ટાબ્લીશમેન્ટ'' શબ્દની વ્યાખ્યા કરવામાં આવી નથી અને તેથી દરેક કેસનો નિર્ણય ચોકકસ કેસના તમામ સંબંધિત પરિબળોના પરિપ્રેક્ષ્યને આધારે લેવાનો હોય છે. ત્યાં કોઈ કઠોર સૂત્ર હોઈ શકતું નથી, ન તો કોઈ વોટરટાઈટ માર્ગદર્શિકા હોઈ શકે છે. કારણ કે એક કેસમાં જે સારું છે તે બીજા કેસના સંદર્ભમાં સારું ન હોઈ શકે. એક અથવા બે પરિબળો કોઈ ચોકકસ નિષ્કર્ષ તરફ દોરી જવા માટે પૂરતા ન હોઈ શકે પરંતુ એકંદર વિચારણા પર, જો કોર્ટને લાગે છે કે તમામ હેતુઓ માટેનું એકમ એક અલગ છે, તો એકમાત્ર પરિબળ છે કે તે સામાન્ય નોકરીદાતા દ્વારા ચલાવવામાં આવે છે કંપની અથવા ભાગીદારી હોઈ શકે છે, ભાગ્યે જ કોઈ પરિણામ હશે.

(૫) **૧૯૯૦ (૧) એલ.એલ.એન. ૪૦૭ (નામ. કર્ણાટકા હા.)**

**બી. ગણપથ્ય ભંડારકર વિ. રીજીયોનલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર, બેંગ્લોર**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ બે એકમોને અલગ માનવા જોઈએ, જયાં સુધી બે એકમો વચ્ચેનું આંતર સંબંધ એક બીજા પર પરસ્પર નિર્ભરતાની સ્થાપના ન કરે, જેથી એક બીજા વિના સંપૂર્ણ અથવા નોંધપાત્ર રીતે કાર્ય કરી શકે નહી અથવા કોઈપણ દરે બીજાની ગેરહાજરીમાં સંપૂર્ણ અથવા સબસ્ટેન્શીયલ રીતે વિકાસ કરી શકશે નહી. જો એક એકમ સુકાઈ જાય તો બીજું એકમ અસ્તિત્વમાં નથી.

(૬) **૧૯૮૭ (૧) એલ.એલ.જે. ૪૨૭ (નામ. સુ.કો.)**

**આશા સ્ટીલ ટ્રીટમેન્ટ, બોમ્બે વિ. એસોસીએશન ઓફ એન્જીનીયરીંગ વર્કર્સ**

**બોમ્બે એન્ડ અધર્સ**ના ચુકાદામાં અપીલને મંજુરી આપતા જણાવ્યું હતું કે બે ફેકટરીઓના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ એકાઉન્ટસ અને કર્મચારીઓના રાજય વીમા ખાતામાં સંબંધિત સત્તાવાળાઓ સાથે સમાન સંખ્યા છે. બંને ફેકટરીઓના મેનેજમેન્ટ અને કામદારો વચ્ચે સમાન શરતો ધરાવતા સમાધાનો કરવામાં આવ્યા છે અને તે રાખવા માટે પૂરતા પરિબળો નથી કે બંને કારખાનાઓ એક હતા અને સમાન ન હતા અને તેઓ સમાન વ્યવસાય ધ્વારા ચાલુ રાખતા હતા. ટ્રીબ્યુનલનો નિષ્કર્ષ કે પ્રથમ ફેકટરી બંધ કરવી એ સાનુકૂળ હતું. તે બીજી ફેકટરી સાથે કોઈ કાર્યાત્મક અખંડિતતા ધરાવતું ન હતું અને કામદારોનો કોઈ ભોગ બન્યો ન હતો. તે સાચો છે અને ભારતના બંધારણની કલમ–૨૨૬ હેઠળ હાઈકોર્ટ ધ્વારા તેમાં દખલ કરી શકાય નહી. પ્રથમ ફેકટરી અને બીજી ફેકટરી વચ્ચે કોઈ કાર્ય–રાષ્ટ્રીય અખંડિતતા નથી. કલમ–૨૫(જી) ફકત ત્યારે જ લાગુ થાય છે જયાં કામદારોની સેવાઓ છીનવી લેવામાં આવે છે. જો સાચા અર્થમાં બંધ કરવામાં આવ્યું હોય તો કલમ–૨૫(જી) ની અરજી ઉભી થશે નહી. વ્યવસાય બંધ કરવાની અસર કરવા માટે મેનેજમેન્ટે તેના વ્યવસાયની તમામ શાખાઓ બંધ કરવી જોઈએ તે જરૂરી નથી.

(૭) **૧૯૬૨ (૧) એલ.એલ.જે. ૩૮૮ (નામ. સુ.કો.)**

**ડી.સી.એમ. કેમીકલ વર્કસ**ના ચુકાદામાં જયારે એક જ માલીકના જુદી જુદી જગ્યાએ તેનો ધંધો હોઈ ત્યારે જે સંસ્થાના અનુસંધાને કામદારોના પગાર વધારાની કે અન્ય સવલતોની માંગણી કરવામાં આવેલ હોઈ ત્યારે જે સંસ્થાના અનુસંધાને માંગણી ઉપસ્થિત કરવામાં આવેલ હોઈ તે સંસ્થાના અનુસંધાને જ સંસ્થાને સ્વતંત્ર યુનિટ ગણીને ન્યાય–નિર્ણય થઈ શકે. વધુમાં સદર ચુકાદામાં એક જ માલીકની જુદી જુદી જગ્યાએ અન્ય સંસ્થાઓ હોય ત્યારે પણ કંપનીના આંતરિક વહીવટને ધ્યાનમાં રાખીને દરેક સંસ્થાઓ અલગ છે તેમ ગણી શકાય અને જે સંસ્થાના કામદારો માટે પગારવધારાની માંગણી કરેલ હોઈ તે સંસ્થાને તમામ હકીકતો ધ્યાનમાં લઈને ન્યાય–નિર્ણય કરવાનો રહે છે નહી કે જુદી જુદી સંસ્થાની આર્થિક સ્થિતિ જોઈને તેવી માહિતીઓના આધાર ઉપર કોઈ નિર્ણય કરી

શકાય. જયારે નામ. કોર્ટના ચુકાદામાં પ્રતિસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાનમાં લેતા અરજદાર પક્ષકારની તા.૧૩/૧૨/૨૪ ના રોજની અરજી રદ થવાને પાત્ર છે.

આંક–૨૪ થી આંક–૨૨ ની અરજીના સમર્થનમાં ઓથોરીટીઓ રજુ કરેલ છે. તેમનો સાર જોવામાં આવે તો ........

(૧) **એ.આઈ.આર. ૧૯૬૧ એમ.પી. ૩૪૮ (નામ. મદ્રાસ હા.)**

**પુની કાલુ અને બીજાઓ વિ. શંકર કાલ**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે જરૂરી હોય ત્યારે દસ્તાવેજો રજુ કરાવવા જોઈએ.

(૨) **૧૯૬૨ સી.જે. ૭ (નામ. કલકત્તા હા.)**

**અલન મેક ગ્રોગર સ્મીથ ફોર્જી અને બીજાઓ વિ. ફર્સ્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, ડબલ્યુ.બી. અને બીજાઓ**ની ઓથોરીટીમાં ઠરાવ્યા મુજબ જયારે જરૂરી હોય ત્યારે ટ્રીબ્યુનલ સંસ્થાને દસ્તાવેજો રજુ કરવા ફરજ પાડી શકે નહી. ત્યારે તેને ઈન્સ્પેકશન આપવું જોઈએ.

(૩) **એ.આઈ.આર. ૨૦૦૪ એ.પી. ૧૬૪ (નામ.એ.પી.હા.)**

**માધવુલુ વિ. બોયા ઐશ્વર્યાહ**ના ચુકાદામાં કારણો દર્શાવી સામાન્ય રીતે હુકમ કરવો જોઈએ તેમ ઠરાવેલ છે.

(૪) **૨૦૧૧(૫) જી.એલ.આર. ૪૨૧૮ (નામ. ગુ.હા.)**

**સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ વિ. કતુબેન ટપુભાઈ**નો ચુકાદો ૨૪૦ દિવસ કામદારોએ કામ કરેલ છે કે નહી તે અંગેનો નિર્ણય કરવા માટે જે પુરાવાનો બોજો છે તે કોના પર હોય તે અંગેનો છે.

(૫) **૨૦૦૭ (૧) જી.એલ.આર. ૮૫૯ (નામ. ગુ.હા.)**

**પુષ્કર નવનીતલાલ શાહ વિ. રાખી પુષ્કર શાહ**ના ચુકાદામાં આ પ્રકારનો હુકમ કરતા પહેલા કોર્ટ પ્રથમ દર્શનીય કેસ છે કે નહી તથા સામાપક્ષના કબજામાં આ દસ્તાવેજો છે કે કેમ તે ધ્યાને લેવું જોઈએ. આ અરજી જોતાં માહિતી મેળવતા કે તૈયાર કરી રજુ કરવા

માંગણી કરેલ છે. જયારે આ ઓથોરીટીમાં ઠરાવ્યા મુજબ કોર્ટને જો પ્રથમ દર્શનીય રીતે સંતોષ થાય કે આ માહિતી જરૂરી છે તો જ આ માહિતી રજુ કરવી જોઈએ. તે સિવાય ફરજ પાડી શકાય નહી.

(૬) **૧૯૯૨ (૧) જી.એલ.આર. ૩૧૦, એ.આઈ.આર. ૧૯૯૨ ૧૩૮ (નામ. ગુ.હા.)**

**કમલીયા બ્રધર્સ અને કાું. રાજકોટ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ છે કે જે દસ્તાવેજોની માંગણી કરેલ હોય તે સંબંધિત હોવા જોઈએ. હાલના કેસમાં એવા કોઈ સ્પષ્ટ દસ્તાવેજોની માંગણી કરેલ નથી.

(૭) **એ.આઈ.આર. ૧૯૮૮ પાના નં.૩૪૩ (નામ. બોમ્બે હા.)**

**ઈન્ડિયન ઓવરસીઝ બેંક વિ. શ્રીક્રિષ્ના વુલન મીલ્સ પ્રા.લી. અને બીજાઓ**ના ચુકાદામાં ઠરાવેલ છે કે, આ પ્રકારની સત્તાઓ કોર્ટની વિવેકાધિન સત્તા છે અને તે ઈન્સ્પેકશનની માંગણી કરી શકે છે તેમ ઠરાવેલ છે.

(૮) **એ.આઈ.આર. ૨૦૦૫ પાના નં.૨૭૪ (નામ. રાજસ્થાન હા.)**

**ભગવાની દેવી મહાતા હોસ્પિટલ વિ. એ.ડી.જે. રાજગઢ અને બીજાઓ**ની ઓથોરીટીમાં ઠરાવ્યા મુજબ દસ્તાવેજો અસ્તિત્વમાં છે કે નહી તે પહેલા સ્થાપિત થવું જોઈએ. પછી આ પ્રકારનો હુકમ કરી શકાય. જો સામાપક્ષકારે વાંધો લીધો હોય તો તેનો વિરોધ કરી હુકમ કરવો યોગ્ય નથી તેમ ઠરાવેલ છે.

(૯) **૨૦૦૨ (૧) જી.એલ.આર. ૪૫૦ (નામ. ગુ.હા.)**

**લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વિ. વસંત એન. મોદી અને બીજાઓ**ની ઓથોરીટીમાં ઠરાવ્યા મુજબ આ સીપી કોડના ઓર્ડર–૧૧, રૂલ–૧૨ ની જોગવાઈઓનો ઉપયોગ ન્યાય માટે કરવો જોઈએ. સામાપક્ષકારને પ્રશ્ન કરવા માટે ના કરવો જોઈએ.

(૧૦)**એ.આઈ.આર. ૧૯૯૯ પાના નં.૨૩૨ (નામ. મદ્રાસ હા.)**

**પી.એ. અનબુ અનંદન વિ. ડી. શિવકુમારી**ની ઓથોરીટી જે હિંદુ મેરેજ એકટ હેઠળની છે તેમાં ઠરાવેલ છે કે પતિ–પત્ની વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધ અસ્તિત્વમાં નથી. પતિ પત્નીને તેના દ્વારા લખેલ પત્રો રજુ કરાવવા/બોલાવવા હકકદાર છે તેમ કોર્ટે ઠરાવેલું.

(૧૧)**એ.આઈ.આર. ૧૯૭૨ પાના નં.૩૦૮ (નામ. કલકત્તા હા.)**

**ઈન્ડિયન ફોઈલ્સ લી. વિ. ધી પાંચમી ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, ડબલ્યુ.બી. અને બીજાઓ**ની ઓથોરીટી પણ તે જ જોગવાઈઓ પર આધાર રાખી દાવો પેન્ડીંગ હોય ત્યારે કોઈપણ તબકકે હાલની સત્તાનો ઉપયોગ કરી શકાય.

(૧૨) **૧૯૮૪ (૨) જી.એલ.આર. ૧૨૩૯ (નામ.ગુ.હા.)**

**મે. ઝટલોમલ કાકુમલ વિ. શોભરાજ થર્યામલ દલવાની**ની ઓથોરીટીમાં વિધ્વાન સીવીલ જજશ્રીએ માત્ર ત્રણ લીટીમાં હુકમ કરેલ અને ઈન્સ્પેકશન ઓથોરીટીને કોઈ કારણ લખેલ નહી તથા તેમાં બીજા કોઈ ચોકકસ દાવાનો નિર્ણય ના આપે ત્યાં સુધી ઈન્સ્પેકશન કરે નહી તેવી કાર્યવાહી  નહી કરવા માટે પક્ષકારોએ વાંધો લીધેલ છે તેમાં પંજાબ હાઈકોર્ટે એવું ઠરાવેલ કે ભાગીદારી અંગે દાવામાં ચોપડાઓનું ઈન્સ્પેકશન માટે કોર્ટને ઈન્સ્પેકશન આપવું જોઈએ તેથી તે રીવીઝન મંજુર કરેલ. જો કે હાલના કેસમાં એવી કોઈ હકીકતો નથી.

ઉપરોકત તમામ રજુઆતો, ઓથોરીટીઓ અને બંને પક્ષકારો તરફે થયેલ દલીલો ધ્યાને લેતાં, આ અરજી મંજુર થવાને પાત્ર જણાતી ના હોઈ ઉપરોકત ચર્ચા અનુસાર આ અરજી સંબંધે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

**સ્થળ : સુરત.**
**તારીખ : ૦૯/૦૫/૨૦૨૫.**

**(એચ.એ. શાહ)**
**જી.જે.૦૦૫૫૦**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત,**
**સુરત.**